# જામનગર મહાનગરપાલિકા

## *સને. ૨૦૧૫–૧૬ રિવાઈઝડ અને સને ૨૦૧૬–૧૭ના*
## *ડ્રાફટ અંદાજપત્ર અંગે કમિશનરશ્રી હર્ષદ પટેલ આઈએએસ નું નિવેદન*

જામનગર મહાનગર સેવા સદનના મેયરશ્રીનો પદભાર શ્રીમતી પ્રતિભાબેન કનખરા તથા સ્થાયી સમિતિના અધ્યક્ષ સ્થાને આપશ્રી કમલાસિંહ રાજપુત અને ડે. મેયર તરીકે શ્રી ભરતભાઈ મહેતા કાર્યભાર સંભાળી રહયા છો. ત્યારે અધ્યક્ષશ્રી તથા સ્થાયી સમિતિના તમામ સભાસદશ્રી, આપ સહુ મહાનુભાવોનું સ્વાગત છે.

ગત બજેટમાં જામનગર શહેરને પણ સ્માર્ટ સીટીની સાથે તાલ મીલાવવા આયોજનબધ્ધ બજેટ રજૂ કરેલ અને આ બજેટને ધ્યાને રાખીને અનેકવિધ મહત્વના કામો જામનગર મહાનગરપાલિકા ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. જયારે બાકીના આયોજન હેઠળના કામો હાલે પ્રગતિમાં છે. ગત વર્ષ દરમ્યાન પૂર્ણ કરેલ કામો તરફ નજર કરીએ તો સૌથી મહત્વનું એવુ ઈ–ગવર્નનન્સ, એમ–ગવર્નનન્સ, એલ.ઈ.ડી. બેઈઝ સ્ટ્રીટ લાઈટ, જી.આઈ.એસ. બેઈઝ મેપીંગ, જી.પી.એસ. આધારિત વ્હીકલ મેપીંગ સિસ્ટમ, ગરીબો માટેના આવાસો, બ્યુટીફીકેશનના કામો, હેરીટેજ વારસાની જાળવણીના કામો અને સૌથી અગત્યનું એવુ વ્યકિતગત સૌચાલયની સુવિધાઓના કામો જામનગર મહાનગરપાલિકા ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

ગત બજેટમાં સૂચિત કામો અન્વયે મહત્વપૂર્ણ કામો પૂર્ણ કરેલ હોય કે પ્રગતિ હેઠળ હોય તેનો ટૂંકસાર નીચે મુજબ છે.

- ❖ મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન અંતર્ગત જામનગર શહેરના ઓપન ડેફીકેશન ફ્રી બનાવવા માટે નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અંતર્ગત ૧૩૫૯૪ "વ્યકિતગત શૌચાલયો" બનાવવામાં આવેલ છે. જે અન્વયે જામનગર શહેરને સરકારશ્રી ધ્વારા રૂા. ૫ લાખનો પુરસ્કાર તથા પ્રશસ્તી પત્ર જામનગર મહાનગરપાલિકાને એનાયત કરવામાં આવેલ છે.

- ❖ જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં અલગ–અલગ જગ્યાએ ૧૦ પે એન્ડ યુઝ ટોઈલેટ રૂા. ૧.૬૬ કરોડના ખર્ચે બનાવવાનું કામ સૂચિત થયેલ જે પૈકી ૨ કામ પૂર્ણ થયેલ તથા ૮ હાલે પ્રગતિ હેઠળ છે જે માર્ચ–૨૦૧૬ સુધીમાં તમામ કામો પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત ૧૮ હૈયાત પે એન્ડ યુઝ ટોઈલેટોના અપગ્રેડેશનનું કામ પણ રૂા. ૬૦.૦૦ લાખના ખર્ચે માર્ચ–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

- મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત ઘર વિહોણા લોકોને પોષણક્ષમ ભાવોથી આધુનિક આંતરિક સુવિધાઓ સાથે આવાસો મળી રહે તે હેતુથી ઈ.ડબલ્યુ.એસ., એલ.આઈ.જી–૧, એલ.આઈ.જી–૨ તેમજ આઈ.એચ.એસ.ડી.પી. અંતર્ગત કુલ ૧૫૮૮ આવાસોનું નિર્માણ તથા લોકાર્પણ કરનાર જામનગર મહાનગરપાલિકા સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાને છે, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

- જામનગર મહાનગરપાલિકા ધ્વારા એનર્જી સેવીંગના ભાગરૂપે સમગ્ર જામનગર શહેરમાં હૈયાત ૨૫૦૦૦ સ્ટ્રીટ લાઈટ ફીટીંગોમાં એલ.ઈ.ડી. લાઈટ ફીટીંગની કાર્યવાહી ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે જેનાથી ૭૦% એનર્જી સેવીંગ કાયમી ધોરણે મળી રહે તેવુ સુવ્યવસ્થિત આયોજન હાથ ધરેલ છે.

- જામનગર શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવાના ભાગરૂપે કાળની થપાટો જીલીને જર્જરીત થઈ ચુકેલ ખંભાળીયા ગેઈટને તેના મૂળ સ્વરૂપમાં પ્રચલિત ઓઠા–દોંગા પધ્ધતિ ધ્વારા પુનઃસ્થાપન કરવામાં આવેલ છે અને આ ખંભાળીયા ગેઈટના રેસ્ટોરેશન / કન્ઝર્વેશન પ્રોજેકટને હુડકો ધ્વારા ડીઝાઈન એવોર્ડ–૨૦૧૫ હેઠળ કન્ઝર્વેશન ઓફ હેરીટેજ કેટેગરીમાં સમગ્ર દેશમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયેલ છે. જેનુ લોકાર્પણ કરવામાં આવેલ છે.

- જામનગર શહેરની મધ્યમાં આવેલ રાજઘરાણાના સમયમાં લાખેણુ લાખોટા તળાવનું બ્યુટીફીકેશન ડેવલપમેન્ટ તાજેતરમાં પ્રથમ તબકકામાં રૂા. ૪૫ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે, જેમાં એથ્લેટીક સિન્થેટીક જોગીંગ ટ્રેક, ૧૦૦૦ વ્યકિતઓની ક્ષમતા ધરાવતુ એમ્ફીથીએટર, જુના ઝરૂખાનું રેસ્ટોરેશન તથા નવા ઝરૂખાનું નિર્માણ, સમગ્ર પેરીફરીમાં એલ.ઈ.ડી. લાઈટીંગ તથા સીટી મ્યુઝીમયનું અપગ્રેડેશન વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. જેનુ લોકાર્પણ કરવામાં આવેલ છે. ઉકત કામગીરીને હુડકો ધ્વારા ડીઝાઈન એવોર્ડ–૨૦૧૫ હેઠળ લેન્ડસ્કેપ તથા ડીઝાઈન કેટેગરીમાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ છે.

- જામનગર મહાનગરપાલિકાની હદમાં ભળેલ નવા વિસ્તારો માટે નવા પાંચ સમ્પ તથા ત્રણ ઈ.એસ.આર. અને ૨૦ એમ.એલ.ડી. કેપેસીટીના ફિલ્ટર પ્લાન્ટનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જામનગર મહાનગરપાલિકાની હૈયાત ફિલ્ટ્રેશન કેપેસીટી ૧૧૭૦ લાખ લીટર પ્રતિદિનથી વધારી ૧૩૭૦ લાખ લીટર પ્રતિદિન સુધી થયેલ છે. સમ્પ અને ઈ.એસ.આર.ના કારણે સ્ટોરેજ ક્ષમતા ૯૦૦ લાખ લીટરમાંથી ૧૨૫૦ લાખ લીટર થયેલ છે.

- નવા ભળેલ તમામ વિસ્તારોમાં ૧૭૦ કિ.મી. ડી.આઈ. પાઈપ લાઈન નાખવાનું કામ હાલે ચાલુ છે. આમ, સમગ્ર કામગીરીને ધ્યાને રાખતા નવા ભળેલ વિસ્તાર તથા ઓ.જી. એરીયાના ૯૦ હજાર લોકોને આગામી જુલાઈ માસ સુધીમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરી શકાશે.

❖ મને જણાવતા આનંદ થાય છે કે, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ અંતર્ગત જામનગર મહાનગરપાલિકા ધ્વારા ૪ પમ્પીંગ સ્ટેશનોનું કાર્ય પૂર્ણ કરેલ છે, જયારે ૧ પ્રગતિ હેઠળ છે. ૨૩૦ કી.મી.ની સીવર કલેકશન લાઈનનું કામ પૂર્ણ થયેલ છે. ૩ રાઈઝીંગ મેનનું કામ પૂર્ણ કરેલ છે તેમજ ૧ પ્રગતિ હેઠળ છે. તથા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ પણ પૂર્ણતાના આરે છે. સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આગામી માર્ચ–૨૦૧૬ના અંત સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવશે. જેના કારણે શહેરનું દૈનિક મીનીમમ ૫૦ એમ.એલ.ડી. ગંદા પાણીને શુધ્ધ પાણીમાં પરિવર્તિત કરવામાં આવશે. આ શુધ્ધ થયેલ પાણી જામનગર શહેરમાં નવા થનારા બાંધકામો માટે તેમજ બાગ–બગીચામાં પણ વાપરી શકાશે. જેના કારણે જામનગર શહેરમાં વપરાતા શુધ્ધ પાણી અને ભૂગર્ભ જળ સ્ત્રોતનો બચાવ કરી શકાશે તેમજ દરિયામાં જતા ગંદા પાણીને કારણે થતા પ્રદૂષણો પણ અટકશે.

❖ હાલ સુધીમાં ૪૦ હજાર ઘરોને ભૂર્ગભ ગટર હાઉસ કનેકશનથી જોડી દેવામાં આવેલ છે અને આગામી ડીસેમ્બર–૨૦૧૬ સુધીમાં વધારાના ૫૦ હજાર કનેકશનોનું કામ પૂર્ણ થઈ જશે.

❖ ઈ–ગવર્નન્સનું ૧૦૦% અમલીકરણ માર્ચ–૨૦૧૬ સુધીમાં કરવામાં આવશે.

❖ ઈ–નગર પ્રોગ્રામ અંતર્ગત જી.આઈ.એસ. બેઈઝ સર્વે તથા મેપીંગનું કામ પણ માર્ચ–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

❖ શહેરને સ્વચ્છ અને સુદ્રઢ બનાવવા માટે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ઘનકચરા નિકાલ માટેના સાધનો જેવા કે, મેન્યોર સકર મશીન, ગ્રીન ઈકો મોબાઈલ ટોઈલેટ વેન, એનીમલ ડેડ બોડી વ્હીકલ અને અન્ય સફાઈના સાધનોની ખરીદી કરવામાં આવેલ છે.

❖ ફાયર કવાર્ટસ અને રેકર્ડ રૂમના કામો માર્ચ–૨૦૧૬ અંતીત રૂા. ૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.

❖ ગઢની રાંગના જુના વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની સુવિધા ઉપલબ્ધ કરવા બાબતેનું કામ હાલે પ્રગતિ હેઠળ છે.

❖ આંગણવાડીના બાળકોને ગરમ અને પોષણક્ષમ આહાર મળે તે માટે જામનગર મહાગરપાલિકાની જાડા ટી.પી. સ્કીમ નં. ૨ના અંતિમ ખંડ નં. ૬૪/૧ની જગ્યા અક્ષયપાત્ર સંસ્થાને ફાળવી આપી અક્ષયપાત્રની કામગીરી ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે.

❖ જામનગર મહાનગરપાલિકા ધ્વારા શહેરના મુખ્ય ૬ રસ્તાઓનુ રૂા. ૧૩ કરોડના ખર્ચે રી–કાર્પેટીંગ અને વાઈડનીંગનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ શહેરના મુખ્ય ૪૨ રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાઓ રૂા. ૩૧ કરોડના ખર્ચે સી.સી. રોડ બનાવવામાં આવેલ છે.

- જામનગર શહેરમાં એલ.સી. નં. ૨૦૦ ખંભાળીયા રોડ પરના ઓવર બ્રીજનું કામ રૂા. ૪૯ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે, જે જુલાઈ–૨૦૧૬ સુધીમાં કાર્યાન્વિત કરવામાં આવશે. આ ઉપરાંત ચાલુ વર્ષે શહેરમાં એલ.સી. નં. ૧૯૭ બેડી બંદર રોડ પરના ઓવર બ્રીજ રૂા. ૨૮ કરોડના ખર્ચે તેમજ સત્યમ કોલોની પાસે અન્ડર બ્રીજ બનાવવાનું કામ રૂા. ૭ કરોડના ખર્ચે ચાલુ કરવામાં આવેલ છે.

**આમ, કુલ કેપીટલ બજેટમાં રૂા. ૪૯૨.૬૪ કરોડની જોગવાઈ સામે રૂા. ૪૫૧.૪૦ કરોડના કામો પૂર્ણ થશે.**

## : વર્ષ ૨૦૧૬–૧૭ એકશન પ્લાન :

સ્માર્ટ સીટી પ્લાનને જ ધ્યાનમાં રાખી બાકી રહેતા કામોનું આયોજન તથા સીટીઝન રેફરન્સ અન્વયેના કામો આગામી ૨૦૧૬–૨૦૧૭ના વર્ષમાં જામનગર મહાનગરપાલિકાને સંભવિત પ્રાપ્ત થનાર ગ્રાન્ટ આધારિત સૂચિત કરવામાં આવેલ છે. જેમાં મુખ્ય ધ્યાનાકર્ષક કામો તરફ નજર કરીએ તો :

- પ્રધાનમંત્રીશ્રીના ડીજીટલ ઈન્ડિયા કાર્યક્રમના ભાગરૂપે જામનગર શહેરમાં પ્રથમ તબકકામાં સમગ્ર શહેરને વાઈફાઈ સુવિધામાં આવરી લેવા માટે હૈયાત ઈલેકટ્રીક પોલમાં રાઉટર્સ મૂકી પીપીપી ધોરણે વાઈફાઈ સુવિધા આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે જેના કારણે નગરજનોને ગુણવતાસભર સેવા અને સતત કનેકટીવીટી મળી રહેશે. જેનાથી જામનગર મહાનગરપાલિકાને રૂા. ૧.૨૫ કરોડ પ્રતિ વર્ષ ઉપલબ્ધ થનાર છે. સમગ્ર ગુજરાતમાં જામનગર મહાનગરપાલિકા ધ્વારા સૌપ્રથમ આ કામગીરી કરવામાં આવનાર છે.

- જામનગરની જનતા માટે ઈ–લાઈબ્રેરીની સુવિધા

- ટ્રાફિક નિયમન અને શહેરીજનોની સુરક્ષા માટે જામનગર શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર અને પબ્લીક યુટીલીટીના સ્થળો ઉપર સી.સી.ટી.વી. કેમરાની સુવિધા

- શહેરનો ઐતિહાસિક વારસાના જતન અર્થે લાખોટા કોઠા તેમજ ભુજીયા કોઠો રેસ્ટોરેશન / કન્ઝર્વેશન અને સીટી આર્ટ ગેલેરીનું કામ

- સ્વચ્છતાના ક્ષેત્રે મહત્વનું કદમ જામનગર મહાનગરપાલિકા લેવા જઈ રહયું છે. જેમા વેસ્ટ ટુ એનર્જી પ્રોજેકટ અંતર્ગત આંતરરાષ્ટ્રીય ટેકનોલોજી ઢબે પીપીપી મોડે કચરા નિકાલનું કામ.

- પાણીના કાર્યક્ષમ,હેતુસભર અને કરકસરયુકત વપરાશ માટે દરેક વપરાશકર્તાઓ માટે મીટર કનેકશનની સુવિધા.

- ❖ નવા ટી.પી.ડી.પી. રોડો માં ગ્રીન પેચીસનું આયોજન તથા ખુલ્લી જગ્યાઓમાં ધનિષ્ઠ વૃક્ષારોપણનું આયોજન

- ❖ જમીનમાં પાણીનું સ્તર ઉપર આવે તેના માટે વરસાદી પાણી અને વપરાશી પાણીના પુનઃવપરાશ માટે વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમનું આયોજન. વોટર હાર્વેસ્ટીંગ માટે બિલ્ડરો,આર્કીટેક, એન.જી.ઓ તેમજ શહેરીજનોને સાથે રાખી વરસાદી પાણીનોં યોગ્ય ઉંડાઈમાં સંગ્રહ થાય તે માટે એક કમીટી બનાવી વોટર હાર્વેસ્ટીંગની કામગીરી કરવામાં આવશે.

- ❖ શહેરના દરેક વોર્ડમાં વિસ્તારવાઈઝ જે કોમન પ્લોટ આવેલા છે તેમાં લોકભાગીદારીથી બાળકો માટે રમતગમતના સાધનો તથા ગાર્ડન બનાવવાનું આયોજન.

- ❖ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ ૨૭૧૪ આવાસો બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયેના સર્વેનું કામ હાલ ચાલુ છે જે સર્વે માર્ચ–૨૦૧૬ અંતિત પૂર્ણ કરવામાં આવશે.

- ❖ જામનગર શહેરમાં જુની હૈયાત એ.સી. પાઈપલાઈનો તથા ઓછી કેપેસીટીની પાઈપલાઈનો બદલાવવા તથા પંપહાઉસ થી શંકરટેકરી સુધીની ૮૦૦ એમ.એમ. ડાયાની ડી.આઈ. પાઈપલાઈન અને નવા ભળેલા વિસ્તારોમાં હાલે ચાલુ કામો ઉપરાંત બાકી રહેતા વિસ્તારો માટે ઢીંચડા પાસે ઝોનલ રીઝોવેયર બનાવવાનું કામ તથા ડી.આઈ. પાઈપલાઈનો નાખવાનું કામ કરવાનું આયોજન હાથ ધરેલ છે જેમા ૧૩૭ કી.મી. ડી.આઈ. પાઈપલાઈન નાખવાનું કામ તેમજ સ્ટોરેજ ક્ષમતામાં ૫૦ લાખ લીટરનો વધારો થવા પામશે જેથી કુલ સ્ટોરેજ ક્ષમતા ૧૩૦૦ લાખ લીટર થવા જશે. જેના કારણે ૩૦ હજાર લોકોને ઘેર ઘેર પીવાના પાણીની સવલત મળી શકશે.

- ❖ નવા ભળેલ વિસ્તારો તથા નગરસીમના વિસ્તારોને ભૂગર્ભ ગટરથી કનેકટ કરવા માટે ૪ પમ્પીંગ સ્ટેશન તેમજ તેને સંલગ્ન રાઈઝીંગ મેઈન પાઈપલાઈનો અને ૨૫૦ કી.મી. સીવર કલેકશન પાઈપ લાઈન નેટવર્ક નાખવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કામગીરી પૂર્ણ થયે શહેરના ૯૦ હજાર શહેરીજનોને આ સુવિધાથી સાંકળી લેવામાં આવશે. અને નદીમાં જતુ ગંદુ પાણી અટકશે.

આ ઉપરાંત આંતરમાળખાકીય સુવિધાના કામો જેવા કે, રોડ, રસ્તા, પાણી, ભૂગર્ભ ગટર, લાઈટ વિગેરેના નીચે મુજબના કામોનું આયોજન કરવામાં આવેલ છે.

- ❖ શહેરમાં બાકી રહેતા મુખ્ય અને આંતરિક રસ્તાઓ વોલ ટુ વોલ તથા ડસ્ટ ફ્રી સી.સી.રોડ, સી.સી. બ્લોક તેમજ આસ્ફાલ્ટ રોડના કામોનું આયોજન

- ❖ આનુસાંગિક કામો પૈકી બાકી રહેતા નંદઘર અને વોર્ડ ઓફિસ બનાવવાનું આયોજન

- ❖ સ્લમ વિસ્તારો તથા નવા ભળેલા સ્લમ વિસ્તારોમાં ૨૦ જગ્યાએ પે એન્ડ યુઝ ટોયલેટ બનાવવાનું આયોજન.

- ❖ નવા ભળેલ વિસ્તારોમાં પણ એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટ ફીટ કરવાનું આયોજન.

- ❖ ગાર્બેજ ટ્રાન્સપોર્ટ ટર્મીનલનું આયોજન.

- ❖ મ્યુનિ. બિલ્ડીંગો ઉપર સોલાર રૂફ ટોપનું આયોજન.

- ❖ જામનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં સખી મંડળો ધ્વારા ડોર–ટુ–ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી ખુબજ સફળ રહેલ છે, આ કામગીરીને વધુ વેગ મળે, વધુ વિસ્તાર કવર થાય અને સખી મંડળો અને તેના સભ્યશ્રીઓ વધુ આર્થિક રીતે સદ્ધર બને તે હેતુથી ડોર–ટુ–ડોર ગાર્બેજ કલેકશન ઉપરાંત ગાર્બેજનું ડીસ્પોઝલ નિયત સ્થળે કરી શકાય તે હેતુથી બેટરી ઓપેરેટેડ વ્હીકલ કે જે સખી મંડળના બહેનો પણ ચલાવી શકે તેમ હોય તેમને વ્હીકલ ખરીદી કરાવવા અને તેના માટે જરૂરી લોન નેશ્નલ અર્બન લાઈવલી હુડ મીશન (NULM) હેઠળ નહીંવત વ્યાજ દરથી અપાવવા માટે આયોજન કરેલ છે.

- ❖ જામનગર શહેરની સીટી બસ સેવા બાબતે જોઈએ તો હાલે માત્ર ૩ બસ કાર્યરત છે, આ સેવામાં વધારો કરવાના ભાગરૂપે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ૫ બસ ખરીદ કરવા માટેના ભાવો ઓફર ફોર્મથી મંગાવવામાં આવેલ છે, જે ખરીદીની પ્રક્રિયા પૂર્ણ કરી ટૂંક સમયમાં જ આ સેવાનો વધુ લાભ જામનગરના નાગરિકોને પ્રાપ્ત થશે. વધુમાં સરકારશ્રીના પત્રના અનુસંધાને ૨૦ મીની બસો અને ૧૦ મોટી બસો મળી કુલ ૩૦ બસો ફાળવવા જામનગર મહાનગરપાલિકા ધ્વારા સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે.

**આમ, આગામી વર્ષમાં કુલ રૂા. ૪૭૯.૩૦ કરોડના કામો કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ કામો સરકારશ્રી તરફથી મળનાર સંભવિત ગ્રાન્ટ આધારિત હોય, ગ્રાન્ટની ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ હાથ ધરવા જામનગર મહાનગરપાલિકા કટિબધ્ધ છે.**

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૧૫–૧૬ ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૧૬–૧૭ ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર " અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છુ.

## વિભાગ – અ

## *સને. ૨૦૧૫–૧૬નું રીવાઈઝડ અંદાજપત્ર*

સને.૨૦૧૫–૧૬નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા રેવન્યુ / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી રેવન્યુ / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ૨૦૧૫–૧૬ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

➢ **વર્ષ ૨૦૧૫–૧૬ના રીવાઈઝડ અંદાજ તરફ :**

**પત્રક – "અ"**

*(આંકડા કરોડમાં)*

| *વિગત* | *સને. ૨૦૧૫–૧૬ મંજૂર કરેલ અંદાજ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત)* | *સને. ૨૦૧૫–૧૬ રીવાઈઝડ અંદાજ* |
|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૦૩.૮૫** | **૮૮.૯૯** |
| (૧) રેવન્યુ આવક | ૨૨૦.૨૨ | ૨૧૩.૭૦ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૨૯.૯૭ | ૨૩.૫૫ |
| (૩) કેપીટલ લોન આવક | ૧.૫૦ | ૦.૦૦ |
| (૪) કેપીટલ ગ્રાંટ આવક | ૫૨૪.૯૦ | ૪૪૪.૨૦ |
| (૫) અનામત આવક | ૩૫.૪૯ | ૬૬.૪૦ |
| (૬) એડવાન્સ આવક | ૧૧.૮૪ | ૨૬.૫૦ |
| **કુલ આવક** | **૮૨૩.૯૨** | **૭૭૪.૩૫** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૯૨૭.૭૭** | **૮૬૩.૩૪** |
| (૧) રેવન્યુ ખર્ચ | ૨૦૯.૮૩ | ૨૨૭.૬૦ |
| (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૧૩.૭૦ | ૧૫.૪૫ |
| (૩) કેપીટલ લોન ખર્ચ | ૧.૫૦ | ૦.૦૦ |
| (૪) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૪૯૨.૬૪ | ૪૫૧.૪૦ |
| (૫) અનામત ખર્ચ | ૨૧.૬૦ | ૪૫.૧૦ |
| (૬) એડવાન્સ ખર્ચ | ૮.૨૧ | ૧૮.૮૦ |
| **કુલ ખર્ચ** | **૭૪૭.૪૮** | **૭૫૮.૩૫** |
| **બંધ પુરાંત** | **૧૮૦.૨૯** | **૧૦૪.૯૯** |

## પત્રક – "બ"

| (આંકડા કરોડમાં) | | |
|---|---|---|
| બજેટ એકત્રીકરણ | | |
| વિગત | સને. ૨૦૧૫–૧૬ મંજૂર કરેલ અંદાજ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | સને. ૨૦૧૫–૧૬ રીવાઈઝડ અંદાજ |
| ઉઘડતી પુરાંત | ૧૦૩.૮૫ | ૮૮.૯૯ |
| આવક | ૮૨૩.૯૨ | ૭૭૪.૩૫ |
| **કુલ** | ૯૨૭.૭૭ | ૮૬૩.૩૪ |
| ખર્ચ | ૭૪૭.૪૮ | ૭૫૮.૩૫ |
| **બંધ પુરાંત** | ૧૮૦.૨૯ | ૧૦૪.૯૯ |

**(૧) ચાલુ સાલના અંદાજો અંગે :**

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૧૫ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૧૫–૧૬ નું રીવાઈઝ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૧૫–૧૬ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના આંકડા કોલમ નં. ૮માં દર્શાવેલ છે. સને. ૨૦૧૫–૧૬ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માટે ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ (૧) રેવન્યું આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ (૪) કેપીટલ લોન આવક અને ખર્ચ (૫) એડવાન્સ આવક અને ખર્ચ (૬) ડીપોઝીટ આવક અને ખર્ચ બજેટનાં અંદાજ રજુ કરવામાં આવેલ છે. સને. ૨૦૧૬–૧૭ની દરખાસ્ત કોલમ નં. ૧૦માં દર્શાવેલ છે.

સને. ૨૦૧૫–૧૬ના વર્ષના અંદાજ રીવાઈઝડ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

## આવક :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | રીવાઈઝ અંદાજપત્ર મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ | ૩૨.૦૦ | ૩૩.૩૧ | ૧.૩૧ | ૦.૦૦ |
| (૨) | રોકાણ પરનું વ્યાજ | ૦.૫૦ | ૦.૭૫ | ૦.૨૫ | ૦.૦૦ |
| (૩) | વાહન કર. | ૦.૨૦ | ૦.૨૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૫) | મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ) | ૨૨.૫૦ | ૧૨.૦૦ | ૦.૦૦ | ૧૦.૫૦ |
| (૬) | મિલ્કત વેરો (કારપેટ) | ૨૬.૩૦ | ૨૬.૨૯ | ૦.૦૦ | ૦.૦૧ |
| (૭) | મિલ્કત વેરો (અન્ય) | ૭.૧૯ | ૧૫.૫૯ | ૮.૪૦ | ૦.૦૦ |
| (૮) | વ્યવસાય વેરો | ૫.૧૭ | ૫.૧૦ | ૦.૦૦ | ૦.૦૭ |
| (૯) | ટાઉન પ્લાનીંગ | ૩૭.૧૩ | ૨૯.૭૫ | ૦.૦૦ | ૭.૩૮ |
| (૧૦) | મીટર વાળી ઉપજ | ૧૨.૦૦ | ૧૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૧૧) | મીટર વગરની ઉપજ | ૮.૦૦ | ૯.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| (૧૨) | વો. વ.અન્ય | ૧.૪૭ | ૬.૭૪ | ૫.૨૭ | ૦.૦૦ |
| (૧૩) | રેવન્યુ ગ્રાંટ | ૩૪.૪૫ | ૩૧.૧૩ | ૦.૦૦ | ૩.૩૨ |
| (૧૪) | અન્ય | ૩૩.૩૧ | ૩૧.૮૪ | ૦.૦૦ | ૧.૪૭ |
| (૧૫) | કેપીટલ સ્વભંડોળ | ૨૯.૯૭ | ૨૩.૫૫ | ૦.૦૦ | ૬.૪૨ |
| (૧૬) | કેપીટલ લોન | ૧.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૦ |
| (૧૭) | કેપીટલ ગ્રાન્ટ | ૫૨૪.૯૦ | ૪૪૪.૨૦ | ૦.૦૦ | ૮૦.૭૦ |
| (૧૮) | અનામત | ૩૫.૪૯ | ૬૬.૪૦ | ૩૦.૯૧ | ૦.૦૦ |
| (૧૯) | તસલમાત | ૧૧.૮૪ | ૨૬.૫૦ | ૧૪.૬૬ | ૦.૦૦ |
| | કુલ | ૮૨૩.૯૨ | ૭૭૪.૩૫ | ૬૧.૮૦ | ૧૧૧.૩૭ |

## ખર્ચ :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૧૧.૪૮ | ૧૦૦.૯૦ | ૦.૦૦ | ૧૦.૫૮ |
| (૨) | વહીવટી ખર્ચ | ૨.૮૫ | ૩.૫૦ | ૦.૬૫ | ૦.૦૦ |
| (૩) | મરામત અને નિભાવણી | ૩૨.૮૨ | ૪૭.૩૬ | ૧૪.૫૪ | ૦.૦૦ |
| (૪) | નક્કી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૧.૯૧ | ૨.૨૮ | ૦.૩૭ | ૦.૦૦ |
| (૫) | લોન વ્યાજ ખર્ચ | ૪.૦૪ | ૩.૩૯ | ૦.૦૦ | ૦.૬૫ |
| (૬) | શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા | ૭.૬૫ | ૯.૧૫ | ૧.૫૦ | ૦.૦૦ |
| (૭) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૦.૧૦ | ૧૦.૨૫ | ૦.૧૫ | ૦.૦૦ |
| (૮) | રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ | ૨૯.૨૮ | ૩૮.૨૮ | ૯.૦૦ | ૦.૦૦ |
| (૯) | અન્ય ખર્ચ | ૨.૨૨ | ૫.૪૬ | ૩.૨૪ | ૦.૦૦ |
| (૧૦) | કેપિટલ ખર્ચ સ્વભંડોળ | ૧૩.૭૦ | ૧૫.૪૫ | ૧.૭૫ | ૦.૦૦ |
| (૧૧) | કેપિટલ ખર્ચ ગ્રાન્ટ | ૪૯૨.૬૪ | ૪૫૧.૪૦ | ૦.૦૦ | ૪૧.૨૪ |
| (૧૨) | કેપીટલ લોન | ૧.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૫૦ |
| (૧૩) | તસલમાત | ૮.૨૧ | ૧૮.૮૦ | ૧૦.૫૯ | ૦.૦૦ |
| (૧૪) | ડીપોઝીટ | ૨૧.૬૦ | ૪૫.૧૦ | ૨૩.૫૦ | ૦.૦૦ |
| (૧૫) | મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૭.૪૭ | ૭.૦૩ | ૦.૦૦ | ૦.૪૪ |
| | કુલ | ૭૪૭.૪૭ | ૭૫૮.૩૫ | ૬૫.૨૯ | ૫૪.૪૧ |

(૨) **રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :**

(૧) **<u>પ્રોપર્ટી ટેક્સ. ::–</u>**
ચાલુ વર્ષમાં રૂા. **૫૫.૯૯** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૫ સુધીમાં કુલ આવક રૂા. **૧૩.૯૦** કરોડની થયેલ છે. ઈ–ગવર્નન્સ અમલીકરણ અંતર્ગત બિલ ઈશ્યુ કરવામાં ડીલે થતા તથા રેલ્વે ડીપાર્ટમેન્ટનું પ્રોપર્ટી ટેકસનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ અને સરકારી મિલ્કતોના બાકી રહેતા ટેકસ ધ્યાને રાખતા તા. ૧–૧૨–૧૫ થી ૩૧–૩–૧૬ની અંદાજીત આવક રૂા. **૩૯.૯૭** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૫–૧૬નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૫૩.૮૭** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) **<u>વ્યવસાય વેરો. ::–</u>**
ચાલુ વર્ષમાં રૂા. **૫.૧૭** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૫ સુધીમાં કુલ આવક રૂા. **૨.૯૨** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૧–૧૨–૧૫ થી ૩૧–૩–૧૬ની અંદાજીત આવક રૂા. **૨.૧૯** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૫–૧૬નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૫.૧૦** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) **<u>ટાઉન પ્લાનીંગ . ::–</u>**
ચાલુ વર્ષમાં રૂા. **૩૭.૧૩** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૫ સુધીમાં કુલ આવક રૂા. **૯.૭૫** કરોડની થયેલ છે. નવા જી.ડી.સી.આર. સરકારશ્રીની મંજૂરી હેઠળ હોય હવે પછીના સમયમાં મંજૂરીની અપેક્ષાએ તા.૧–૧૨–૧૫ થી ૩૧–૩–૧૬ની અંદાજીત આવક રૂા. **૨૦.૦૦** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૫–૧૬નું કુલ રીવાઈઝડ અંદાજ રૂા. **૨૯.૭૫** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) **<u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ.::–</u>**
એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૧૫ સુધીમાં રૂા. **૬૧.૭૧** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ રૂા. **૧૧૧.૪૮** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ બજેટમાં રૂા.**૧૦૦.૯૦** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. આમ, અંદાજમાં **૧૦.૫૮** કરોડનો ઘટાડો સૂચવવામાં આવેલ છે.

(૫) <u>**જમીન વેચાણ અંગેની આવક. ::–**</u>

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન અને ટી.પી.સ્કીમની જમીન વેચાણની આવક રૂ.**૨૪.૦૦** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૧૫ સુધીમાં રૂ. **૩.૯૭** કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ રૂ. **૧૮.૫૧** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) <u>**કેપીટલ લોન અને ગ્રાંટ. ::–**</u>

સને. ૨૦૧૫–૧૬માં કેપીટલ લોન બજેટમાં લોન આવકનો અંદાજ **રૂ. ૧.૫૦ કરોડ** મૂકવામાં આવેલ છે લોન હવે પછી લેવાની થતી ન હોય, રીવાઈઝ અંદાજ **નીલ** મૂકવામાં આવેલ છે.

કેપીટલ ગ્રાન્ટ આવક રૂ. **૫૨૪.૯૦** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૧૫ સુધીમાં ગ્રાન્ટ ના હેડે રૂ. **૨૨૦.૧૯** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ રૂ. **૪૪૪.૨૦** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૫ સુધીમાં કુલ રેવન્યુ ખર્ચ રૂ. **૧૨૨.૦૫** કરોડનું થયેલ છે અને ૨૦૧૫–૧૬ નુ રીવાઈઝડ બજેટ મુજબ કુલ રેવન્યુ ખર્ચ રૂ. **૨૨૭.૬૦** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૫ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂ.**૧.૫૮** કરોડ થયેલ છે. અને ૨૦૧૫–૧૬ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂ. **૧૫.૪૫** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૫ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂ.**૨૩૦.૪૬** કરોડ થયેલ છે. અને ૨૦૧૫–૧૬ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂ. **૪૫૧.૪૦** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

**: વિભાગ – બ :**

## ➢ <u>*સને. ૨૦૧૬–૧૭નું ડ્રાફટ અંદાજપત્ર*</u>

સને. ૨૦૧૬–૧૭નું અંદાજપત્ર તૈયાર કરતી વખતે મહત્વની બાબત જોઈએ તો જામનગર શહેરના નાગરિકો ઉપર કોઈપણ પ્રકારનો વધારાનો કરબોજ ન પડે તે બાબત ધ્યાને રાખી આગામી વર્ષ માટે કોઈપણ જાતનો નવો કરબોજ સૂચવવામાં આવેલ નથી. અને મહાનગરપાલિકાના બાકી લ્હેણાઓ માટે "સઘન રીકવરી ઝુંબેશ" હાથ ધરી મહાનગરપાલિકાની રેવન્યુ સ્વભંડોળની આવક વધારવાનો ખાસ પ્રયાસ હાથ ધરવામાં આવશે, જેમાં આપ સૌ સભાસદો સાથ અને સહકાર આપશો તેવી આશા રાખુ છુ.

(આંકડા કરોડમાં)

| આવક | સને. ૨૦૧૬–૧૭ નો અંદાજ | ખર્ચ | સને. ૨૦૧૬–૧૭ નો અંદાજ |
|---|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૦૪.૯૯** | | |
| (૧) રેવન્યુ આવક | | (૧) રેવન્યુ ખર્ચ | |
| (અ) સ્વભંડોળ આવક | ૧૫૩.૨૬ | (અ) સ્વભંડોળ ખર્ચ | ૧૯૬.૯૧ |
| (બ) ગ્રાંટ આવક | ૬૮.૪૪ | (બ) ગ્રાંટ ખર્ચ | ૨૭.૧૯ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૨૪.૯૮ | (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૨૩.૫૫ |
| (૩) કેપીટલ લોન આવક | ૦.૦૦ | (૩) કેપીટલ લોન ખર્ચ | ૦.૦૦ |
| (૪) કેપીટલ ગ્રાંટ આવક | ૪૬૨.૮૦ | (૪) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૪૭૯.૩૦ |
| (૫) અનામત આવક | ૪૪.૪૦ | (૫) અનામત ખર્ચ | ૩૭.૮૦ |
| (૬) એડવાન્સ આવક | ૧૨.૨૦ | (૬) એડવાન્સ ખર્ચ | ૧૦.૭૦ |
| **કુલ આવક** | **૭૬૬.૦૮** | **કુલ ખર્ચ** | **૭૭૫.૪૫** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૮૭૧.૦૭** | **બંધ પુરાંત** | **૯૫.૬૨** |

કાયદાની જોગવાઈ અનુસાર બજેટ પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ બજેટ(અંદાજપત્ર) એ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી બજેટ રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી બજેટ ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

## બજેટ દરખાસ્ત સને. ૨૦૧૬–૨૦૧૭ :

સને. ૨૦૧૫–૨૦૧૬નાં રીવાઈઝ બજેટને લક્ષમાં રાખીને સને. ૨૦૧૬–૨૦૧૭નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક રૂા. **૨૨૧.૭૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક રૂા. **૩.૮૫** કરોડ ઉમેરતા કુલ રૂા.**૨૨૫.૯૫** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ રૂા. **૨૨૪.૧૦** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા.**૧.૪૫** કરોડની મહેસુલી બંધપુરાંત રહેશે.

## મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

(રકમ રૂા. કરોડમાં)

| અનું. નંબર | મહેસુલી આવક. | રકમ. | અનું. નંબર | મહેસુલી ખર્ચ. | રકમ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ટેકસ આવક | ૫૦.૩૨ | (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ) | ૫૯.૦૭ |
| (૨) | ટેકસ વગરની આવક | ૮૪.૮૫ | (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ) | ૫૭.૭૦ |
| (૩) | એજયુકેશનજ્ઞઈ શેષ, લેબર વેલ્ફેર આવક | ૮.૫૦ | (૩) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ) | ૬.૬૬ |
| (૪) | ઓકટ્રોય ગ્રાન્ટ આવક | ૩૩.૩૧ | (૪) | વહીવટી ખર્ચ | ૩.૨૯ |
| (૫) | અન્ય ગ્રાન્ટ આવક | ૩૫.૧૩ | (૫) | મરામત અને નિભાવ ખર્ચ | ૩૮.૫૨ |
| (૬) | અન્ય આવક | ૯.૫૯ | (૬) | રેવન્યુ ગ્રાંટ ખર્ચ | ૨૭.૨૦ |
| | | | (૭) | લોન વ્યાજ ખર્ચ | ૨.૦૪ |
| | | | (૮) | એજયુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા | ૭.૬૫ |
| | | | (૯) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૧.૨૮ |
| | | | (૧૦) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૨.૧૦ |
| | | | (૧૧) | પરચુરણ ખર્ચ | ૧.૯૨ |
| | | | (૧૨) | કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૬.૬૭ |
| | કુલ..... | ૨૨૧.૭૦ | | કુલ..... | ૨૨૪.૧૦ |

## કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૧૬–૧૭ ના બજેટમાં કેપીટલ સ્વભંડોળ આવક રૂા. **૨૪.૯૮** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક રૂા. **૧૩.૦૫** કરોડ ઉમેરતા કુલ રૂા. ૩૮.૦૩ કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ રૂા. **૨૩.૫૫** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા. **૧૪.૪૮** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

## કેપીટલ સ્વભંડોળ

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | કેપીટલ આવક | રકમ | ક્રમ | કેપીટલ ખર્ચ | રકમ✓ |
|---|---|---|---|---|---|
| ૧ | રેવન્યુ ફાળો | ૩.૯૭ | ૧ | સામાન્ય વહિવટ | ૧.૫૫ |
| ૨ | જમીન વેચાણ | ૨૦.૦૧ | ૨ | પ્લાનીંગ એન્ડ રેગ્યુલેશન | ૫.૧૨ |
| ૩ | દુકાનનું વેચાણ | ૧.૦૦ | ૩ | પાણી અને ગટર વ્યવસ્થા | ૫.૬૧ |
| | | | ૪ | સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૧.૦૭ |
| | | | ૫ | જાહેર સુખાકારી અને સમૃદ્ધિ | ૪.૭૬ |
| | | | ૬ | શહેરી વનિકરણ | ૦.૧૮ |
| | | | ૭ | શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ | ૨.૩૧ |
| | | | ૮ | જાહેર શિક્ષણ | ૨.૩૩ |
| | | | ૯ | આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ | ૦.૬૨ |
| | કુલ | ૨૪.૯૮ | | કુલ | ૨૩.૫૫ |

**કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :**

સને ૨૦૧૬–૧૭ ના બજેટમાં કેપીટલ ગ્રાન્ટ આવક રૂા. **૪૬૨.૮૦** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક રૂા. **૨૩.૯૭** કરોડ ઉમેરતા કુલ રૂા. **૪૮૬.૭૭** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ રૂા. **૪૭૯.૩૦** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે રૂા. **૭.૪૭** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

## કેપીટલ ગ્રાન્ટ

(રકમ રૂા. કરોડમાં)

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) | ૨૦૩.૪૭ | **૧૩મા નાણાંપંચ ની ગ્રાંટ ના કામો** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (લોકભાગીદારી) | ૫.૦૦ | – ઈ–ગવર્નન્સ પ્રોજેકટ | ૧.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ઓવરબ્રીજ) | ૫.૦૦ | – રોડ રસ્તાને લગત કામો | ૨.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ભૂગર્ભ ગટર) | ૯૭.૦૦ | **૧૪મા નાણાંપંચ ની ગ્રાંટ ના કામો** | ૭.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (નંદઘર) | ૬.૦૭ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ) | ૨૧.૦૦ | – વોટર વર્કસને લગત કામો | ૬૫.૦૦ |
| કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ | ૫.૦૦ | – ભૂગર્ભ ગટરને લગત કામો | ૫.૦૦ |
| અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ | ૨૦.૦૦ | – સોલીડ વેસ્ટ ને લગત કામો | ૮.૦૦ |
| આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ ગાંટ | ૧૫.૦૦ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૫૧.૪૭ |
| ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ | ૦.૨૫ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૭.૦૦ |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| જિલ્લા આયોજન મંડળ | ૩.૨૭ | – ફાયરસેફટી ને લગત કામો | ૨.૦૦ |
| ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ | ૫.૫૦ | – પ્રોજેકટ ને લગત કામો | ૫૫.૦૦ |
| લોકભાગીદારી અન્વયે મ.ન.પા. અને ખાનગી સોસાયટી નો ફાળો | ૨.૫૦ | – સ્લમ ને લગત કામો | ૫.૦૦ |
| ગુજરાત ગૌ–સેવા આયોગ બોર્ડ | ૪.૦૦ | – સ્ટોર્સ ને લગત કામો | ૦.૩૦ |
| પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ | ૩૨.૦૮ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ)** | ૨૫.૦૦ |
| નાઈટ શેલ્ટર | ૧.૬૭ | **અમૃત યોજનાની ગ્રાન્ટના કામો** | ૩૯.૦૦ |
| પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ગ્રાંટ | ૧.૪૦ | **પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો** | ૬૩.૮૨ |
| પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક ગ્રાંટ અન્વયે મનપાનો ફાળો | ૧.૦૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ નંદઘર બનાવવાના કામો** | ૫.૦૦ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૩૧.૭૪ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ઓવરબ્રીજ બનાવવાનું કામ** | ૧૦.૦૦ |
| પરચુરણ ગ્રાંટ | ૧.૮૫ | **પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો** | ૧.૩૭ |
| | | **નાઈટ શેલ્ટર બનાવવાનું કામ** | ૨.૬૭ |
| | | **જિલ્લા આયોજન મંડળની ગ્રાંટ હેઠળના કામો** | ૩.૪૯ |
| | | **એનીમલ હોસ્ટેબલ બનાવવાનું ખર્ચ** | ૪.૦૦ |
| | | **લોકભાગીદારી યોજના હેઠળ ના કામો** | |
| | | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૦.૫૦ |
| | | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૭.૫૦ |
| | | **ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો** | |
| | | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૧.૦૦ |
| | | **આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ભૂગર્ભ ગટર ના કામો** | ૧૫.૦૦ |
| | | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ભૂગર્ભ ગટરના કામો** | ૯૨.૦૦ |
| | | **પરચુરણ ગ્રાંટ સામેના કામો** | ૦.૧૮ |
| **કુલ** | **૪૬૨.૮૦** | **કુલ** | **૪૭૯.૩૦** |

- **સૂચનો :**

(૧) દરેક બ્રાંચે સાદીલવાર બીલ તૈયાર કરી તેમાં એકાઉન્ટ કોડ, બજેટ કોડ અને દરેક ખર્ચ ના બિલોમાં કરેલ કામનું નામ અને તે કામ કયા વિસ્તારમાં કરેલ છે તે વિસ્તારના નામ સાથે ફરજીયાત પણે દર્શાવવાનું રહેશે. દરેક શાખાએ તેમના બ્રાન્ચ અધિકારી પાસે બિલ વેરીફીકેશન કરાવ્યા પછી જ ગ્રાન્ટ રજીસ્ટર સાથે બિલ એકાઉન્ટ શાખામાં વેરીફીકેશન તેમજ સહી માટે મોકલવાનું રહેશે.

ઘણાખરા ખર્ચના આદેશોમાં એક કરતા વધુ બજેટ હેડ દર્શાવી ખર્ચની મંજૂરી મેળવવામાં આવે છે. અને તે પૈકી ઉપલબ્ધ ગ્રાન્ટના હેડે ખર્ચ પાડી બિલ બનાવવામાં આવે છે. જે એકાઉન્ટની દૃષ્ટિએ યોગ્ય ન હોય, થયેલ ખર્ચ લાગુ પડતા બજેટહેડે જ બુક કરવું અને આ બાબતે જો બ્રાન્ચ લેવલે વિસંગતતા જણાતી હોય, તો એકાઉન્ટ શાખાનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

(૨) વધુમાં, ગુજરાત મ્યુનિસિપલ એકાઉન્ટીંગ મેન્યુઅલમાં જણાવ્યા અનુસાર દરેક મહાનગરપાલિકાઓ એ અને નગરપાલિકાઓએ મિલ્કત રજીસ્ટર નિભાવવાનું રહે છે. આ રજીસ્ટર ના નમુના અનુસાર તથા આવેલ ગાઈડ લાઈન્સ અનુસાર દરેક પ્રકારની ઉભી થતી નવી મિલ્કતોના નામ તથા અન્ય આનુસાંગિક વિગતો તેમજ તેનાં યુઝર પિરિયડ ની વિગતો સાથે મિલ્કત રજીસ્ટરમાં મિલ્કતો દર્શાવવાની રહેશે. આ રજીસ્ટર વ્યવસ્થિત નિભાવી શકાય તે માટે દરેક ખર્ચ ના બિલોમાં કરેલ કામનું નામ અને તે કામ કયા વિસ્તારમાં કરેલ છે તે વિસ્તારના નામ સાથે ફરજીયાત પણે દર્શાવવાનું રહેશે.

(૩) ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ તૈયાર કરવામાં આવેલ બજેટમાં દર્શાવવામાં આવેલ આવકના હેડો મુજબ નવા કોમ્પ્યુટર કોડ કોમ્પ્યુટર શાખાએ તૈયાર કરવાના રહેશે.

(૪) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશ્નરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

જામનગર મહાનગરપાલિકાનું કેપીટલ સ્વભંડોળ બજેટ માત્રનેમાત્ર જમીન વેચાણની આવક ઉપર આધારીત હોય, સ્વભંડોળના કામો અન્વયે જમીન વેચાણથી થયેલ ઉપજની ઉપલબ્ધી અનુસાર સ્વભંડોળના કામો હાથ ધરવાના રહેશે.

(૫) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે બજેટમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશનએકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **સને.૨૦૧૬–૨૦૧૭નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજાું કરું છું.

**જામનગર.**
**તા.: ૧/૨/૨૦૧૬**

**(હર્ષદ પટેલ)**
આઈ એ એસ
કમિશ્નર.
જામનગર મહાનગરપાલિકા.